# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16.09.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

****************************************************

1) વ્યક્તિ-થી- વ્યક્તિ વચ્ચેના UPI વ્યવહારો માટે કોઈ શુલ્ક લેવામાં આવશે નહીં તેવી સરકારની સ્પષ્ટતા.

2) છ રાજ્યોના મુખ્યમંત્રીઓએ યમુના નદીના કાયાકલ્પ માટે કિશાઉ બહુહેતુક બંધ પ્રોજેક્ટ કરાર પર હસ્તાક્ષર કર્યા.

3) ઉત્તર પ્રદેશ સરકારે,અયોધ્યાની સુરક્ષા માટે રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડના પ્રાદેશિક કેન્દ્ર માટે નિ:શુલ્ક જમીન ફાળવવાની મંજૂરી આપી .

4) ઉત્તર ત્રિપુરા પોલીસે, આશરે 40 કરોડ રૂપિયાની કિંમતની 50 કિલોની શંકાસ્પંદ યાબા ગોળીઓ જપ્ત કરી.

5) નેપાળના આઠ અસરગ્રસ્ત જિલ્લાઓ માંથી વધુ મૃતદેહો મળી આવતાં મૃત્યુઆંક વધીને 1,399 થયો.

6) ભારતે ટી20 મેચમાં અફઘાનિસ્તાનને સાત વિકેટથી હરાવીને ત્રણ મેચની શ્રેણીમાં 2-0ની અજેય લીડ મેળવી.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# UPI

સરકારે સ્પષ્ટ કર્યું છે કે વ્યક્તિ-થી- વ્યક્તિ વચ્ચેના UPI વ્યવહારો માટે કોઈ શુલ્ક લેવામાં આવશે નહીં.

નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે નાના વેપારીઓ માટે શૂન્ય મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ –MDR ફ્રેમવર્ક હેઠળ આવરી લેવામાં આવતા વ્યવહારો સાથે વેપારીઓને બે હજાર રૂપિયા સુધીની ચુકવણી પર કોઇ શુલ્ક લાગશે નહીં .

સાંભળીએ એક અહેવાલ

## VOICE CAST: AXIT VAIDHYA

# KISHOU CLOSED

છ રાજ્યોના મુખ્યમંત્રીઓએ યમુના નદીના કાયાકલ્પ માટે કિશાઉ બહુહેતુક બંધ પ્રોજેક્ટ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ રાજ્યો ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન અને દિલ્હી છે.

આ પ્રસંગે બોલતા, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, કેન્દ્ર સરકારે કિશાઉ પ્રોજેક્ટને રાષ્ટ્રીય પ્રોજેક્ટ જાહેર કર્યો છે. શ્રી શાહે ઉમેર્યું હતું કે કેન્દ્ર સરકાર તેના નાણાકીય બોજનો લગભગ 90 ટકા હિસ્સો ઉઠાવશે, જ્યારે બાકીનો 10 ટકા હિસ્સો ભાગ લેનારા રાજ્યો દ્વારા ઉઠાવવામાં આવશે.

# UP RAM MANDIR

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અયોધ્યાના મિલ્કીપુર તહસીલમાં 26 હેક્ટર ઉજ્જડ જમીન રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ - NSGના પ્રાદેશિક કેન્દ્રની સ્થાપના માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયને નિ:શુલ્ક ફાળવવાના નિર્ણયને મંજૂરી આપી છે.

શુદ્ધ લાલખાન ગામમાં લગભગ 65 એકરમાં ફેલાયેલી આ જમીનની બજાર કિંમત આશરે 16.90 કરોડ રૂપિયા છે. આ નિર્ણયનો હેતુ અયોધ્યામાં સુરક્ષા મજબૂત બનાવવાનો છે.

અયોધ્યા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે મુખ્ય સાંસ્કૃતિક, ધાર્મિક અને વ્યૂહાત્મક કેન્દ્ર છે, જેના કારણે સંભવિત સુરક્ષા પડકારોનો સામનો કરવા અને કટોકટી દરમિયાન ઝડપી પ્રતિભાવ સુનિશ્ચિત કરવા માટે ત્યાં કાયમી NSG પ્રાદેશિક સુવિધાની સ્થાપના મહત્વપૂર્ણ બની રહેશે.

# BRICKS

વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે, તાજેતરમાં નવી દિલ્હીમાં આયોજિત ૧૮મા બ્રિક્સ સમિટ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચેની મુલાકાત દરમિયાન અનેક મુદ્દાઓ પર ચર્ચા થઈ હોવાની વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે પત્રકારોને માહિતી આપી હતી.

## બાઇટ RANDHHIR JAISHWAL

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે બ્રિક્સ સમિટ દરમિયાન સાઉદી વિદેશમંત્રી સાથે મુલાકાત કરી હતી. બેઠક દરમિયાન, તેઓએ પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય વિકાસ પર ચર્ચા કરી હતી.

શ્રી જયસ્વાલે કહ્યું હતું કે, હૂતીઓના મુદ્દા પર પણ ચર્ચા કરવામાં આવી હતી. તાજેતરમાં સાઉદી અરેબિયા પર હુમલો થયો હતો, જેની ભારતે નિંદા કરી છે. શ્રી જયસ્વાલે કહ્યું હતું કે, નવી દિલ્હી લાલ સમુદ્ર ક્ષેત્રમાં પરિસ્થિતિમાં તણાવથી ખૂબ ચિંતિત છે.

# WCEF

ગુજરાતના ગાંધીનગરમાં વર્લ્ડ સરક્યુલર ઇકોનિમી ફોરમનો આરંભ થયો છે મહાત્મા મંદિર ખાતે યોજાયેલા આ કાર્યક્રમાં 66 દેશોના પ્રતિનિધિઓ, 200 થી વધુ આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો અને 55 આંતરરાષ્ટ્રીય વક્તાઓની સહભાગીતા ધરાવતા આ કાર્યક્રમના આજના બીજા દિવસે વૈશ્વિક સ્તરે ઉત્સર્જન ઘટાડવા, સર્ક્યુલર બિઝનેસ મોડેલ્સ અપનાવવા અને ટકાઉ આર્થિક વિકાસને વેગ આપવા અંગે ઊંડાણપૂર્વક મંથન કરવામાં આવશે.

આ આયોજનથી દક્ષિણ એશિયાઈ દેશોમાં પર્યાવરણ અનુકૂળ નીતિઓ અને ટેકનોલોજીના આદાન-પ્રદાનને એક નવી દિશા મળશે તેવી આશા છે.

ગઇકાલે કાર્યક્રમના પ્રથમ દિવેસ - વેસ્ટ ટુ વેલ્થ'નો અભિગમ માત્ર કચરા વ્યવસ્થાપનનું મોડલ નથી, પરંતુ ગ્રામીણ અર્થવ્યવસ્થાને નવી ગતિ આપવાનું સાધન સોમનાથ મંદિર' સર્ક્યુલર ઇકોનોમીનું ઉત્તમ ઉદાહરણ,પૂજા સામગ્રી – જળાભિષેકના પવિત્ર પ્રવાહીનો વૈજ્ઞાનિક પદ્ધતિથી શુદ્ધ કરીને 'સોમ-ગંગા જળ' તરીકે ઉપયોગ સર્ક્યુલર ઇકોનોમીનો અર્થ માત્ર કચરાના નિકાલ કે રિસાયક્લિંગ પૂરતો મર્યાદિત નહિ, પરંતુ તે સંસાધનોના સમગ્ર જીવનચક્રને વધુ કાર્યક્ષમ-ટકાઉ બનાવવાની વ્યાપક વિચારધારા અંગે ચર્ચા કરવામા આવી હતી.

# DRUG

ઉત્તર ત્રિપુરા પોલીસે આશરે 40 કરોડ રૂપિયાની કિંમતની 50 કિલોની શંકાસ્પદ યાબા ગોળીઓ જપ્ત કરી છે.પાણીસાગર પોલીસ સ્ટેશન હેઠળ પોલીસે હાથ ધરેલા એક મોટા ઓપરેશન દરમિયાન આ જપ્તી કરવામાં આવી હતી.

ત્રિપુરાના મુખ્યમંત્રી ડૉ. માણિક સાહાએ સોશિયલ મીડિયા પોસ્ટમાં આ માહિતી શેર કરી, યુવાનો અને સમાજને ડ્રગ્સના દૂષણથી બચાવવા માટે પોલીસ અને સુરક્ષા દળોની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે આ સફળતા નશા મુક્ત ત્રિપુરા બનાવવાના મિશનને વધુ સક્ષમ બનાવશે.

# VICE PRESIDENT

ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણને ગઈકાલે નવી દિલ્હીમાં 'એ સેન્ચ્યુરી ઓફ સર્વિસ - ધ આરએસએસ ઇન 100 એક્ટ્સ ઓફ સર્વિસ' પુસ્તક વિમોચન કર્યું હતું.

આ પુસ્તક તેલંગાણાના ભૂતપૂર્વ રાજ્યપાલ ડૉ. તમિલિસાઈ સુંદરરાજન દ્વારા લખાયું હતું. કાર્યક્રમને સંબોધતા શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે આ પુસ્તક રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ની સદીઓથી ચાલી આવતી સેવા, તેની સામાજિક જવાબદારી અને રાષ્ટ્રનિર્માણમાં તેના યોગદાનનું દસ્તાવેજીકરણ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# S.JAISANKER

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે બહુધ્રુવીયતા પ્રત્યે ભારતની મજબૂત પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો, જે તેના સ્વતંત્ર વલણ અને વ્યૂહાત્મક સ્વાયત્તતા પ્રત્યેની પ્રતિબદ્ધતામાં મૂળ ધરાવે છે.

દિલ્હીમાં ભારતીય વિશ્વ બાબતો પરિષદના રજત જયંતિ સમારોહમાં સમાપન ભાષણ આપતા, ડૉ. જયશંકરે વિશ્વાસ વ્યક્ત કર્યો કે  અશાંત વિશ્વમાં ભારતનો ઉદય નિશ્ચિત છે.

# RAJNATH SINH

નવી દિલ્હીમાં DRDO – ઇન્ડસ્ટ્રી સિનર્જી મિટ "વિમર્શ" યોજાઇ છે. જમાં D.R.D.O.-એ મિસાઈલ,રડાર, યુદ્ધ વિમાન,સબમરીન, ઇલેક્ટ્રોનિક વૉરફેર સિસ્ટમથી લઈ કૃત્રિમ બુદ્ધિમત્તા – AI સુધીના દરેક ક્ષેત્રમાં પોતાની ક્ષમતાઓને પ્રદર્શિત કરી છે. આ અંગે બોલતા

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ભારતની સંરક્ષણ ઉત્પાદન ઇકોસિસ્ટમને મજબૂત કરવા તથા ટેક્નોલૉજીને અપનાવવાની પ્રક્રિયા ઝડપી બનાવવા વધુને વધુ સંવાદ તથા વિકાસ અને ઉત્પાદનના સંયુક્ત પ્રયાસનું આહ્વાન કર્યું.

## બાઇટ –રાજનાથ સિંહ

સંરક્ષણ મંત્રીએ વધુમાં કહ્યું, સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ – MSME ભારતીય અર્થતંત્રની કરોડરજ્જૂ છે. ઉપકરણો, જરૂરી સેવાઓ તથા અન્ય પ્રણાલિઓમાં તેનું મહત્વનું યોગદાન છે. તેમણે કહ્યું, આ ઉદ્યોગોએ ગુણવત્તા, સમયસર પૂરવઠા, નવીનતા અને વૈશ્વિક માપદંડો પર સતત ધ્યાન આપવું પડશે. તેમણે મોટી કંપનીઓ સાથે ભાગીદારી વધારવી પડશે.

આ પ્રસંગે અત્યાધુનિક પ્રણાલિઓના વાણિજ્યિક ઉત્પાદનમાં સક્ષમ બનાવવા 13 કંપનીઓને ટેક્નોલૉજી ટ્રાન્સફર કરવા નવ સમજૂતી કરાર કરાયા હતા.

# NEPAL – FLOOD

નેપાળના આઠ અસરગ્રસ્ત જિલ્લાઓમાંથી વધુ મૃતદેહો મળી આવતાં મૃત્યુઆંક વધીને 1,399 થયો છે.

સુરક્ષા કર્મચારીઓની સંયુક્ત કમાન્ડ શોધ અને બચાવ કામગીરી યથાવત રહી છે, જેમાં ગુમ થયેલા લોકોની સંખ્યા 5,170 હોવાનો અંદાજ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં કુલ 13,742 લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

26 ઓગસ્ટના રોજ નેપાળ-તિબેટ સરહદ નજીક બરફના પથ્થરોના હિમપ્રપાતને કારણે આવેલા અચાનક પૂરે ઉત્તર અને મધ્ય નેપાળના શહેરો અને ગામડાંઓ અસરગ્રસ્ત થયા હતા.

# INDIA-US

ભારત-અમેરિકાના સંયુક્ત લશ્કરી કવાયત યુદ્ધ અભ્યાસના 22મા સંસ્કરણનો ઉદ્ઘાટન સમારોહ ઉત્તરાખંડમાં યોજાયો હતો.

આ કવાયત રાજસ્થાનના ઔલી અને મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જ ખાતે એકસાથે યોજાઈ રહી છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ કવાયતનો ઉદ્દેશ્ય પર્વતીય અને અર્ધ-પર્વતીય પ્રદેશોમાં સંકલિત યુદ્ધ જૂથોના ઉપયોગ માટે બંને સેનાઓની સંયુક્ત લશ્કરી ક્ષમતા વધારવાનો છે, જેમાં પાયદળ-પ્રભુત્વવાળી કામગીરી પર ભાર મૂકવામાં આવશે.

# CRICKET

પુરૂષ ક્રિકેટમાં, ભારતે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાયેલી બીજી T-20 આંતરરાષ્ટ્રીય મેચમાં અફઘાનિસ્તાનને સાત વિકેટથી હરાવી ત્રણ મેચની શ્રેણીમાં 2-0ની અજેય લીડ મેળવી.

પ્રથમ બેટિંગ કરતા અફઘાનિસ્તાને નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટ ગુમાવી 159 રન બનાવ્યા. જેમાં કેપ્ટન ઈબ્રાહિમ ઝદરાને 33 બોલમાં સૌથી વધુ 37 રન બનાવ્યા. જવાબમાં ભારતે 14 ઓવર અને 5 બોલમાં 3 વિકેટ ગુમાવીને 163 રન બનાવ્યા.

ભારત તરફથી સંજુ સેમસને 22 બોલમાં સૌથી વધુ 57, જ્યારે અભિષેક શર્માએ 19 બોલમાં 39 રન બનાવ્યા. ઈશાન કિશન 23 બોલમાં 38 રન બનાવી અણનમ રહ્યાં. શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચ આવતીકાલે દિલ્હીના આ જ મેદાન પર રમાશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના તમામ અખબારોએ UPI મા 2 હજાર રૂપિયાથી વધુના પેમેન્ટ પર લાગેલા 0.4 ટકાના ચાર્જના સમાચારને  હેડલાઈનમા લીધા છે...
- સંદેશ અખબારની હેડલાઈન છે 2 હજાર રૂપિયાથી યુપીઆઈ પેમેન્ટ ઉપર 0.4 ટકા ફી
- ફૂલછાબ લખે છે 2000થી વધુ UPI ટ્રાન્ઝેક્શન પર ચાર્જ...
- દિવ્ય ભાસ્કર પ્રથમ પાને લખે છે US સ્ટુન્ડટ વિઝા પર 4 વર્ષની મર્યાદાનો ટ્રમ્પનો નિર્ણય કોર્ટે રદ કર્યો..
- સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો ગુજરાતમા 57.50 લાખ પીએમ જનધન ખાતા નિષ્ક્રિય.. ગુજરાતમા છેલ્લા ચાર દિવસમા સિઝનનો 10 ટકા જેટલો વરસાદ... સાબરમતી જેલ ભજીયા હાઉસને અનોખો હેરિટેજ લુક મળ્યો, ટૂંક સમયમા ખુલ્લુ મુકાશે..બાળકોને સોશિયલ મીડિયાના જોખમોથી બચાવાશે, ધર્મ જાતિ મુદ્દે ભેદભાવ નહિ ચાલે.. ખાંડના ભાવમા 26 દિવસમા 16 રૂપિયા તૂટ્યા.. આજે દ્વારકા, પોરબંદર, જૂનાગઢમા ભારેથી અતિભારે વરસાદની આગાહી...